# ડીસામાં ઈન્કમટેક્સના અધિકારીઓનો સર્વે : જમીન દલાલ સહીત વિવિધ વેપારધંધા સાથે સંકળાયેલા વેપારીઓ સકંજામાં

ડીસા, તા. ૧૮

ડીસામાં ઈન્કમટેક્સ વિભાગે ગઈકાલે મોડી સાંજે કેટલાક શહેરના નામાંકિત જમીન દલાલ, સોના-ચાંદીની દુકાન ધરાવતા વહેપારી તેમજ વાસણ વેચાણ કરતા વેપારી મળતી માહિતી જોતા ડીસાના નવકાર એસ્ટેટ બ્રોકરના માલિક અને જમીનની લે-વેચ કરનાર બી.એમ. શાહ, પટેલ વાસણ ભંડાર, જ્યારે સોના ચાંદીના વેપારી સાથે સંકળાયેલા અને અન્ય ધંધામાં રહેલા કેટલાક તેવું સુત્રોએ જણાવેલ છે જ્યારે બીજી તરફ છેલ્લા ૨૪ કલાકથી આઈ.ટી. અધિકારીઓના ડિસામાં તપાસના ધમધમાટ વચ્ચે નખાંયેલા ધામાથી શેર બ્રોકરો, ફાયનાન્સિયલો, જમીન દલાલો, નાણાં ધીરનાર કરતા લાયસન્સ વિનાના અને લાયસન્સ વાળા શરાફો તેમજ માલદાર ખેડૂતોમાં ગભરાટની લાગણી જન્મી છે.

ઈન્કમટેક્સના ઈન્વેસ્ટિગેશન વિંગના અધિકારીઓએ આ તમામ બાબત અન્ડર ઈન્વેસ્ટીગેસન તળે હોવાનું જણાવતા આ કહેવાતી તપાસ કોઈ રૂટિંગ સર્ચ હતું કે દરોડો હતો તે જાણી શકાયું નથી જો કે આ તમામ બાબતો વચ્ચે આઈટી અધિકારીઓએ હાથ ધરેલા સર્વેના






(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સામે તવાઈ લાવી તેમની પેઢીઓ ખાતે સર્વે હાથ ધર્યો હતો. ગઈકાલે મોડી સાંજે શરૂ થયેલી આ તપાસ આજ સાંજ સુધી ચાલુ રહેતા આવકવેરાની ચોરી કરતા અનેકોમાં ફફડાટ ફેલાયો છે તો વળી, સાંજે આ સર્ચ કાર્યવાહીના સમાચારો મળતા સોની બજારની અનેક દુકાની ટપોટપ બંધ થઈ હતી.

આ ઘટનાની મળતી વિગતો જોતા ડીસામાં ગઈકાલે સાંજથી જ પાંચ જેટલા સ્થળોએ ઈમ્કમટેક્સ વિભાગ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ સર્વેની કામગીરીમાં વેપારીઓની પણ ઈન્કમટેક્સના અધિકારીઓ તપાસ હાથ ધરી હતી પગલે ડીસા સહીત જિલ્લા ભરમાં ગભરાટની લાગણી જન્મી છે.

# મોડાસાની ધી પીપલ્સ શરાફી મંડળીના થાપણદારોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

## મંડળીના કૌભાંડીયા કર્મચારી તથા હોદ્દેદારો સામે કલમ ૯૩ લગાવવા માંગ

મોડાસા, તા. ૧૮

મોડાસા શહેરના આવેલી ધી પીપલ્સ સહકારી શરાફી મંડળીનું ૧૩ કરોડનું ફુલેકુ ફેરવી જેલમાં ગયેલા હોદ્દેદારો એક પછી એક કલમ ૯૩ લગાડાયેલી ન હોવાથી જામીન પર શરાફી મંડળીમાં જે તે સમયના કર્મચારીઓ તથા હોદ્દેદારોએ બેગા મળીને ૧૩ કરોડ રૂપિયાનું કૌભાંડ કર્યું હતું. આ અંગેની પોલીસ ફરિયાદ નોંધાયા બાદ બધાની ધરપકડ થઈ એક પછી એક કોંભાડીયાઓને આપ્યું હતું. આ આવેદનપત્રમાં માંગ કરવામાં આવી હતી કે મેનેજર, એકાઉન્ટન્ટ, એમ.ડી. ને જામીન ન મળે તે માટે કલમ ૯૩ લગાડીને વ્યક્તિગત જવાબદારી નક્કી કરી તેમની મિલ્કતો ટાંચમાં લઆ મંડળાના



છુટી જાય છે. તેથી આ જરૂરી કલમ લગાડવાની માંગ સાથેનું આવેદનપત્ર આજે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા શહેરમાં આવેલી ધી પીપલ્સ સહકારી જામીન મળતા છુટી ગયા છે. તેથી થાપણદારોને રૂપિયા મળવા મુશ્કેલ બન્યા છે. પોતાના રૂપિયા ન ડુબે તે માટે આજે પીપલ્સ મંડળના થાપણદારોએ અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટને આવેદન પત્ર બોજો પડાવીને મિલકતોનો નિકાલ કરી થાપણદારોને રૂપિયા ચુકવવામાં આવે તેવી માંગ કરી હતી. જિલ્લા કલેક્ટરે થાપણદારોની રજૂઆત મુદાસરે સાંભળી હતી અને યોગ્ય કાર્યવાહી કરવા ખાત્રી આપી હતી.

# મુખ્યમંત્રીના જન્મદિવસે ગોઝારીયા તાલુકાનો શુભારંભ કરાયો

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લાના નવરચિત ગોઝારીયા તાલુકાનો શુભારંભ નાણાં અને આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. ગોઝારીયા તાલુકાના ૨૨ ગામોમાં માણસા તાલુકાના ૩, કડી તાલુકાના ૪, મહેસાણા તાલુકાના ૯ અને વિજાપુર તાલુકાના ૬ ગામોનો સમાવેશ તાલુકામાં કરવામાં આવ્યો છે. ગોઝારીયા તાલુકાના શુભારંભ અને મુખ્યમંત્રીના ૬૪માં જન્મદિવસે કેક આપી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સત્યનારાયણની કથા રાખી સુખ અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

નવરચિત તાલુકાની કચેરના શુભારંભ પ્રસંગે નાણા અને આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલનો જાહેર આભાર ગ્રામજનોએ વ્યક્ત કર્યો હતો. વિવિધ સંસ્થાઓ, સરપંચો, સંગઠનો, સહકારી મંડળીઓએ સ્વાગત કરી આભાર માન્યા હતો.

આ પ્રસંગે નાણા અનો આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ગોઝારીયા તાલુકાના શુભારંભથી તાલુકાના વિકાસને વેગ મળશે. આજે સમગ્ર રાજયમાં મુખ્યમંત્રીના જન્મ દિવસે ૨૩ તાલુકાનો શુભારંભ સહિત વિવિધ વિકાસના કામો, સામાજિક કામો થઈ રહ્યા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૪માં મુખ્યમંત્રીશ્રી વડાપ્રધાન થઈ દેશના વિકાસને ગતિ આપે તે માટેની સૌનાવતી શુભચ્છા પાઠવી હતી. આ ઉપરાંત ગોઝારીયા તાલુકાની વિવિધ કચેરીઓની જમીન ઝડપથી મળે તે માટેના જરૂરી સુચનો કર્યા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગોઝારીયા તાલુકામાં જોડાનાર તમામ ગામોને વિકાસનો સીધો લાભ તાલુકા વિભાજનના પગલે મળનાર છે. આ ઉપરાંત ગોઝારીયા હોસ્પિટલ માટે માંગણી આવે રૂપિયા ૧૦ લાખની ગ્રાન્ટ આપવાની પણ મંત્રીશ્રીએ જાહેરાત કરી હતી.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતા અને પવિત્ર યાત્રાધામ અંબાજીને સાંકળતા માર્ગો પદયાત્રીઓની અતૂટ માનવ સાંકળ રચાઈ હતી. અબીલ ગુલાલના છોડો અને ભક્તિમય બનેલા વાતાવરણ જય અંબેના નાદથી ભક્તિનો ઘોડાપૂર સર્જાયો હોય તેવો માહોલની અનુભૂતિ જોવા મળતી હતી. માતાના ચરણોમાં શિશ નમાવવા માઈ ભક્તો ઉમટી પડે છે. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# ઊંઝા પોલીસ મથકની હદમાં વકરી ગયેલી અસમાજીક બદીઓને ડામવામાં પોલીસતંત્ર નિષ્ફળ

ઊંઝા, તા. ૧૮

ઊંઝા પોલીસ સ્ટેશનના હદમાં છેલ્લા ઘણા વખતથી વધતી જતી ગુનાખોરી તેમજ અસામાજીક બદીઓને ડામવા માટે અસરકારક પગલા ન ભરાતા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઊંઝા શહેર સહિત તાલુકાના કેટલાયે ગામોમાં છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી ગયું છે. આ સાથે દારૂ, જુગાર, ક્રિકેટ મેચ આધારિત સટ્ટો અનીતિના ધંધા, કેફી પદાર્થનું વેચાણ જેવી સમાજ વિરોધી બદીઓનો વ્યાપ વધી જવા પામ્યો છે. ઊંઝા પોલીસમથકની હદમાં છેલ્લા કેટલાક સમય દરમિયાન ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, વાહનચોરી, મંદિર ચોરી, કેબલચોરી, ઢોરચોરીની કેટલીયે ફરિયાદો નોંધાઈ છે ત્યારે આ પ્રકારના ગંભીર ગુનાઓ પૈકીના મોટા ભાગના ગુનાઓના ભેદ ઉકેલવામાં તથા આરોપીઓને પકડવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે. આ સાથે જિલ્લાકક્ષાની લોકલ ક્રાઈમ બ્રાન્ચ જેની મુખ્ય કામગીરી વણઉકેલાયેલ મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓના ભેદ શોધવાની છે તે પણ ઉણી ઉતરી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

# પ્રજાનો સુખ સંતોષ અને આનંદ એ જ અમારી મુખ્ય જવાબદારી : નીતિનભાઈ પટેલ

મહેસાણા, તા. ૧૮

મહેસાણા જિલ્લા નવરચિત જોટાણા તાલુકાનો શુભારંભ નાણાં અને આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો. જોટાણી તાલુકાની મુખ્યમંત્રીએ ૨ ઓકટોબર ૨૦૧૨ના રોજ ઔપચારિક જાહેરાત કર્યા બાદ ૯ સપ્ટેમ્બરના રોજ તાલુકો અસ્તિત્વમાં આવ્યો છે. જિલ્લાના જોટાણા તાલુકાનું વડુમથક જોટાણા ગામ રાખવામાં આવેલ છે. જોટાણા તાલુકામાં ૩૩ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. તાલુકાની કુલ વસ્તી ૬૮૦૪૦ થવા પામે છે. જિલ્લામાં વસ્તીની સંખ્યાએ તાલુકાનું સ્થાન ૧૧ ક્રમે છે. જોટાણા તાલુકામાં રેલ્વે સ્ટેશન, માર્કેટયાર્ડ, સીએસસી કેન્દ્ર, પીએચસી કેન્દ્ર, સંસ્થાકીય દવાખાના, શૈક્ષણિક સંસ્થાઓ, ઉદ્યોગ, રસ્તાઓ, સહિત પ્રાથમિક તેમજ માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે.

નવરચિત જોટાણા તાલુકમાં પ્રાન્ત અધિકારી કડી હસમુખ પટેલ, જોટાણા મામલતદાર વિમલ કે પટેલ અને તાલુકા વિકાસ અધિકારી તરીકે મનિષાબેન પટેલને ચાર્જ સોંપવામાં આવેલ છે.

નવરચિત જોટાણા તાલુકાની તાલુકા પંચાયત કચેરી અને મામલદાર કચેરીનો શુભારંભ નાણાં અને આરોગ્ય મંત્રીના હસ્તે કરવામાં આવ્યો હતો.

નવરચિત જોટાણા તાલુકાની તાલુકા પંચાયત કચેરી અને મામલદાર કચેરીનો શુભારંભ નાણાં અને આરોગ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યો હતો. જોટાણા સી.એચ.સી. ચોક પાસેથી કુમકુમ તિલક બાળાઓ દ્વારા કરી મામલદાર કચેરી સુધી ઢોલ શરણાઈ, વરઘોડો અને આતશબાજી સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે વિવિધ સંસ્થાઓ દ્વારા તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના જન્મ દિવસે જોટાણા

નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રજાનું સુખ, આનંદ એજ અમારી મુખ્ય જવાબદારી છે. મુખ્યમંત્રીના જન્મદિવસે આજે રાજયના વિવિધ ૨૩ તાલુકાઓની કચેરીઓનો શુભારંભ કરવામાં આવેલ છે. ૧૯૮૩થી જોટાણાની અલગ તાલુકાની માંગનો મુખ્યમંત્રીએ સ્વીકાર કરી પ્રજાના હિતનું કામ કર્યું છે. પ્રાંત અધિકારીના નેતા હેઠળ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની શરૂઆત કરી લોકોનું કામ થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.



ડીસાના જોષી ઓર્થોપેડીક સેન્ટરના ડૉ. અમિત જોષી અને તેમના પત્ની નિશાબેન જોષી દ્વારા જણોત્રા પાસે મેડીકલ કેમ્પ ગોઠવવામાં આવ્યો છે. અને બન્ને પતિ-પત્ની આખો દિવસ હાજર રહી માઈ ભક્તોની હૃદયથી સેવા કરે છે અને જરૂરિયાતમંદ યાત્રિકોને દવાનું પણ વિતરણ કરે છે. જ્યારે આ કેમ્પમાં અન્ય ૧૦ જેટલા સ્વયંસેવકોની મદદદથી ગરમ પાણીના સેક માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD
ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| વરીયાળી | ૮૧૫ | ૧૩૬૧ |
| બંટી | ૩૦૫ | - |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૮૦ | ૭૧૯ |
| ઘઉં | ૩૦૬ | ૩૭૦ |
| જુવાર | ૨૦૦ | ૨૭૮ |
| બાજરી | ૨૧૦ | ૨૬૪ |
| ગવાર | ૧૨૬૦ | ૧૪૬૫ |

### તલોદ

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૩ | ૭૧૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૩ |
| મગ | ૯૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૨૧૦ | ૨૮૯ |
| ગવાર | ૧૨૧૧ | ૧૪૭૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૫૫૦ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૦૦ | ૨૪૦ |
| ડાંગર જ્યા | ૨૭૫ | ૩૩૦ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૯૦ | ૭૦૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૫ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૫ |
| મકાઈ | ૨૯૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૮ | ૭૦૬ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૬ |
| બાજરી | ૧૯૫ | ૨૫૮ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૮ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૩૫ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૫ | ૬૯૨ |
| બાજરી | ૨૫૦ | ૩૦૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૫ | ૨૬૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૨૨ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૯ |
| ગવાર | ૧૪૦૯ | ૧૪૧૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૨૫ | ૬૧૦ |
| જુવાર | ૨૬૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૯૯ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૦ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૯૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૦ |
| જુવાર | ૨૫૦ | ૩૩૦ |
| રાયડો | ૫૨૦ | ૫૯૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૩૧૦ | ૩૭૬ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૬૫ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૫૦૫ | ૫૯૦ |
| તલ | ૧૬૦૦ | ૧૭૨૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૪૧૬ |
| તુવેર | ૬૬૦ | ૭૦૫ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૧૨ |
| ડાંગર | ૨૧૦ | ૨૬૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૨૬૫ | ૧૪૨૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૯ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૮૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મગ | ૮૭૨ | - |
| જવ | ૨૨૫ | - |
| રાયડો | ૫૯૫ | ૬૨૮ |
| એરંડા | ૬૯૦ | ૭૧૫ |
| ગવાર | ૧૩૦૩ | ૧૫૦૦ |
| ઘઉં | ૨૬૨ | ૩૬૫ |
| બાજરી | ૧૯૦ | ૨૭૨ |
| ચોરા | ૭૪૧ | - |
| જુવાર | ૨૦૦ | - |

### ઉંઝા

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૯૦ | ૨૮૭૨ |
| વરીયાળી | ૭૦૦ | ૨૧૫૦ |
| ઈસબગુલ | ૧૧૦૦ | ૧૪૧૧ |
| સરસવ | ૬૪૦ | ૭૬૦ |
| રાયડો | ૫૭૫ | ૬૪૧ |
| મેથી | ૫૨૧ | ૫૩૯ |
| તલ | ૨૧૦૦ | ૨૨૭૫ |
| સવા | ૬૪૦ | ૭૬૦ |
| અજમો | ૮૦૦ | ૧૧૮૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૭૮ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૫૬૦ | ૬૩૧ |
| એરંડા | ૭૦૦ | ૭૨૬ |
| કપાસ | ૯૫૧ | ૧૧૫૧ |
| મગ | ૯૯૦ | - |
| ગવાર | ૧૨૦૧ | ૧૪૮૪ |
| રજકાના બી | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ચોખા | ૪૨૫ | ૯૨૫ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૫૫ |
| જીરૂ | ૨૩૭૨ | ૨૪૬૪ |
| રાયડો | ૫૪૫ | ૬૦૪ |
| જવ | ૨૪૬ | ૨૬૦ |
| વરીયાળી | ૭૦૦ | ૯૧૧ |
| બાજરી | ૨૧૫ | ૨૬૯ |
| એરંડા | ૬૯૯ | ૭૦૯ |
| અજમો | ૮૨૬ | ૯૮૫ |
| ગવાર | ૧૨૭૫ | ૧૪૩૬ |
| બંટી | ૩૨૦ | - |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૧૦ | ૨૫૫ |
| રાયડો | ૫૮૦ | ૬૦૩ |
| એરંડા | ૬૦૯ | ૭૦૭ |

### જોટાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૨ | ૩૦૬ |
| એરંડા | ૭૦૬ | ૭૦૭ |
| બાજરી | ૨૪૩ | ૨૫૦ |
| ગવાર | ૧૩૯૧ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૦ | ૬૨૦ |
| એરંડા | ૬૯૦ | ૭૧૩ |
| બાજરી | ૨૨૦ | ૨૬૧ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| ગવાર | ૧૨૮૦ | ૧૪૭૭ |
| અડદ | ૪૦૦ | ૬૭૧ |
| મગ | ૮૦૦ | ૧૦૨૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૭૫ |
| બંટી | ૨૪૬ | ૨૭૧ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૫૦ |
| એરંડા | ૭૦૪ | ૭૧૪ |
| બાજરી | ૨૨૫ | ૨૭૦ |
| રાયડો | ૬૦૭ | ૬૧૪ |
| ડાંગર | ૨૬૦ | ૩૫૦ |
| ગવાર | ૧૪૯૦ | ૧૫૨૬ |
| જુવાર | ૩૧૦ | ૩૩૬ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| બાજરી | ૨૩૦ | ૨૫૫ |
| મકાઈ | ૨૯૦ | ૩૦૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૪૫૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ
ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન